# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**DATE: 16-05-2026** **EVENING: 7.50 TO 8.00**

**DAY : SATURDAY** **NATIONAL NEWS**

## આકાશવાણી સમાચાર સોનલ પરમાર વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું ભારત અને નેધરલેન્ડ વૈશ્વિક કટોકટીનો સામનો કરવા સાથે મળીને કામ કરી રહ્યા છે.

2) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગુજરાતમાં અમદાવાદ અને ગાંધીનગરના વિવિધ વિકાસકાર્યોની સમીક્ષા કરી.

3) NEET પરીક્ષા ગેરરીતિ કેસમાં વધુ એક આરોપીની ધરપકડ.

4) આતંકવાદીઓને આશ્રય આપવાનું અને ભારત વિરોધી પ્રવૃતિઓ બંધ કરવા ભારતીય સેના પ્રમુખ ઉપેન્દ્ર દ્વિવેદીની પાકિસ્તાનને કડક ચેતવણી.

5) ગુજરાતમાં યોજાયેલી એશિયન વેઇટલિફ્ટિંગ ચેમ્પિયનશિપમાં, ભારતનાં સંજનાએ ત્રણ કાંસ્ય ચંદ્રક જીત્યાં.

……………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે **સવારે 7 વાગીને 10 મિનિટે** પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM COMMUNITY EVENT - NETHERLAND

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ભારત અને નેધરલેન્ડ વૈશ્વિક કટોકટીનો સામનો કરવા માટે વિશ્વસનીય, પારદર્શક અને ભવિષ્ય માટે તૈયાર આપૂર્તિ વ્યવસ્થા બનાવવા માટે સાથે મળીને કામ કરી રહ્યા છે.

પાંચ દેશોના તેમના પ્રવાસના ભાગ રૂપે આજે નેધરલેન્ડ્ના હેગમાં ભારતીય સમુદાયને સંબોધતા, પ્રધાનમંત્રીએ કહ્યું કે વિશ્વ કોવિડ રોગચાળો, ચાલી રહેલા સંઘર્ષો અને ઉર્જા સંકટ સહિત અનેક મોટા પડકારોનો સામનો કરી રહ્યું છે.

**(BYTE : PM COVID)**

તેમણે કહ્યું કે જો આ પડકારોનો ટૂંક સમયમાં ઉકેલ લાવવામાં નહીં આવે તો વૈશ્વિક વિકાસ પર અસર પડી શકે છે અને મોટી વસ્તી ગરીબીમાં ધકેલાય જઈ શકે છે. પ્રધાનમંત્રીએ એમ પણ કહ્યું કે 21મી સદીમાં, ભારત તકોની ભૂમિ તરીકે ઉભરી રહ્યું છે, જે ટેકનોલોજી અને માનવીય મૂલ્યો બંનેના આધારે પ્રગતિ કરી રહ્યું છે.

બાદમાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તેમની પાંચ દેશોની મુલાકાતના બીજા તબક્કા દરમિયાન નેધરલેન્ડ્સના રાજા વિલેમ-એલેક્ઝાન્ડર અને રાણી મેક્સિમાને મળ્યા.

# AMIT SHAH STATE VISIT

**કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે રાજ્યના પ્રવાસ દરમિયાન અમદાવાદ અને ગાંધીનગરના વિવિધ વિકાસકાર્યોની સમીક્ષા કરી. અમદાવાદમાં SG હાઇવે નજીક દક્ષિણ-પશ્ચિમ ઝોનની કચેરી ખાતે ગાંધીનગર લોકસભામાં ચાલતા વિકાસકાર્યો અને વૃક્ષારોપણ અંગે અમદાવાદ અને ગાંધીનગરના ઉચ્ચ અધિકારીઓ સાથે શ્રી શાહે બેઠક યોજી તેમને જરૂરી સૂચન આપ્યા. બપોર બાદ શ્રી શાહે અખંડાનંદ અને સસ્તું સાહિત્ય મુદ્રણા-લય ટ્રસ્ટની કામગીરીની સમીક્ષા પણ કરી હતી.**

## (VOICECAST: PRAVESH ADIACHA)

(.... કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે રાજ્યના બે દિવસના પ્રવાસનો પ્રારંભ અમદાવાદથી કર્યો. તેમણે અમદાવાદમાં શ્રેણીબદ્ધ બેઠક યોજી વિવિધ વિકાસકાર્યોની સમીક્ષા કરી. તેમણે સરખેજ-ગાંધીનગરના આધુનિકીકરણને લઈ પોલીસ કમિશનર અને મહાનગરપાલિકાના કમિશનર સહિતના ઉચ્ચ અધિકારીઓ તેમજ ગાંધીનગર લોકસભા હેઠળ આવતા ઘાટલોડિયા, ગોતા, ચાંદલોડિયા, થલતેજ સહિતના વૉર્ડના તળાવના આંતર-જોડાણ અંગે ઉચ્ચ અધિકારીઓ સાથેની બેઠકમાં કામોની સમીક્ષા કરી. શ્રી શાહે આ કામગીરી ઝડપથી કરવા અધિકારીઓને સૂચના આપી હતી. ઉપરાંત શ્રી શાહે ગાંધીનગર લોકસભામાં આવતા મહાનગરપાલિકાના 70 નવનિયુક્ત કાઉન્સિલર સાથે બેઠક કરી. તેમજ લોકોની સમસ્યાઓ અને રજૂઆત અંગે અધિકારીઓ સાથે યોગ્ય સંકલન કરવા અંગે શ્રી શાહે કાઉન્સિલરોને માર્ગદર્શન આપ્યું. શ્રી શાહે નારણપુરા, ઘાટલોડિયા, વેજલપુર અને સાબરમતી વિધાનસભા વૉર્ડના નવનિયુક્ત કોર્પોરેટરો સાથે મુલાકાત કરી.

ઉપરાંત શ્રી શાહે ગાંધીનગરની માણસા નગરપાલિકામાં વિકાસકાર્યો ઝડપથી પૂર્ણ કરવા ઉપરાંત હૉસ્પિટલ અને જૂની હૉસ્પિટલના સમારકામ માટે પણ ઉચ્ચ અધિકારીઓને સૂચના આપી છે. સાથે જ તેમણે ગાંધીનગર લોકસભા હેઠળ આવતી સાર્વજનિક હૉસ્પિટલમાં તમામ લોકોને સારી સુવિધા મળે તેના પર ભાર આપ્યો હતો. ઉલ્લેખનીય છે કે, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આવતીકાલ સુધી રાજ્યના પ્રવાસે છે.

પ્રવેશ અડિએચા, આકાશવાણી સમાચાર, અમદાવાદ.

# AMIT SHAH GREEN COVER

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગાંધીનગર લોકસભા વિસ્તારને હરિયાળી લોકસભા બનાવવાના સંકલ્પ સાથે વર્ષ 2026-27માં વિશાળ સ્તરે વૃક્ષારોપણ અભિયાન હાથ ધરવા આહ્વાન કર્યું. આ વર્ષે એક કરોડથી વધુ રોપાઓનું વાવેતર કરવાનો લક્ષ્યાંક રખાયો છે. આ માટે નાગરિકોને સહભાગી બનાવવા નિઃશુલ્ક રોપાનું વિતરણ કરાશે. તેમજ ટેનામેન્ટ, રૉ-હાઉસ અને બંગલા ધરાવતા પરિવારોને એક છોડ અપાશે. ઉપરાંત, અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા 25 લાખ અને ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા પાંચ લાખ 42 હજારથી વધુ વૃક્ષો વાવવામાં આવશે.

અમદાવાદમાં યોજાયેલી બેઠકમાં આ અભિયાન અંતર્ગત શ્રી શાહે વધુને વધુ વૃક્ષારોપણ  દ્વારા આગામી પેઢી માટે સ્વચ્છ હવા, પાણી અને હરિયાળું પર્યાવરણ ઉપલબ્ધ કરાવવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો. ઉચ્ચસ્તરની બેઠકમાં શ્રી શાહે સંબંધિત વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ સાથે આયોજનની સમીક્ષા પણ કરી હતી.

# SWEDEN-AMBASSADOR'S INTERVIEW

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તેમના પાંચ દેશોના પ્રવાસના ભાગ રૂપે આવતીકાલે સ્વીડનની મુલાકાત લેશે.

2018 માં ભારત-નોર્ડિક સમિટના ઉદ્ઘાટન માટે સ્વીડનની મુલાકાત પછી આ તેમની બીજી નોર્ડિક મુલાકાત હશે. સ્વીડનના ઔદ્યોગિક કેન્દ્ર ગોથેનબર્ગની મુલાકાતથી ભારત અને સ્વીડન વચ્ચેના દ્વિપક્ષીય સંબંધો વધુ મજબૂત થવાની અપેક્ષા છે, ખાસ કરીને વેપાર, કૃત્રિમ બુદ્ધિમત્તા અને અવકાશ ટેકનોલોજી જેવા ઉભરતા અને ઉચ્ચ-ટેક ક્ષેત્રોમાં.

આકાશવાણી સાથેની એક વિશિષ્ટ મુલાકાતમાં, સ્વીડનમાં ભારતના રાજદૂત શ્રી અનુરાગ ભૂષણે આ મુલાકાતના મહત્વ પર પ્રકાશ પાડ્યો. તેમણે કહ્યું કે તે બંને દેશો વચ્ચે સહયોગ અને નવીનતા માટે નવા માર્ગો ખોલશે.

(BYTE: S/B-ANURAG BHUSHAN )

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ [newsonair.gov.in/](newsonair.gov.in/)સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

# CBI NEET ARREST

કેન્દ્રીય તપાસ સંસ્થા -CBIએ આજે NEET-UG 2026 પરીક્ષા સંબંધિત બાયોલોજી પેપર નીટ પરીક્ષા ગેરરીતિ કેસમાં એક મુખ્ય આરોપીની ધરપકડ કરી છે.

આરોપી, મનીષા ગુરુનાથ માંધારે, મહારાષ્ટ્રના પુણેના એક વરિષ્ઠ વનસ્પતિશાસ્ત્ર શિક્ષિકા છે, અને રાષ્ટ્રીય પરીક્ષણ એજન્સી દ્વારા તેમને નિષ્ણાત તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. તપાસ એજન્સીએ જણાવ્યું કે આરોપીને વનસ્પતિશાસ્ત્ર અને પ્રાણીશાસ્ત્રના પ્રશ્નપત્રોની સંપૂર્ણ ઍક્સેસ હતી. CBI એ જણાવ્યું કે 14 મેના રોજ ધરપકડ કરાયેલી મનીષા વાઘ્મારે દ્વારા સંભવિત NEET ઉમેદવારોને એકત્રિત કરતાં હતા, અને પુણે સ્થિત તેમના નિવાસસ્થાને આ વિદ્યાર્થીઓ માટે ખાસ કોચિંગ વર્ગો ચલાવતા હતા.

આ કેસમાં અત્યાર સુધીમાં નવ આરોપીઓની દિલ્હી, જયપુર, ગુરુગ્રામ, નાસિક, પુણે અને અહિલ્યાનગરથી ધરપકડ કરવામાં આવી છે. આમાંથી પાંચ આરોપીઓને પહેલાથી જ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા છે અને તેમને વિગતવાર પૂછપરછ માટે સાત દિવસની પોલીસ હીરાસત અને રિમાન્ડ પર મોકલવામાં આવ્યા છે. ગઈકાલે ધરપકડ કરાયેલા અન્ય બે આરોપીઓને પુણે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા અને ટ્રાન્ઝિટ રિમાન્ડ પછી દિલ્હી મોકલવામાં આવ્યા હતા.

છેલ્લા 24 કલાકમાં, સીબીઆઈએ દેશભરમાં છ સ્થળોએ દરોડા પાડ્યા છે અને અનેક ગુનાહિત દસ્તાવેજો, લેપટોપ, બેંક સ્ટેટમેન્ટ અને મોબાઈલ ફોન જપ્ત કર્યા છે

# REV SHAH-DRUG SEIZURE

ભારતની માદક પદાર્થ વિરોધી એજન્સીઓએ ઓપરેશન રેઝપિલ હેઠળ પહેલી વાર 182 કરોડ રૂપિયાના કેપ્ટાગોન માદક પદાર્થ જપ્ત કર્યા છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું કે સરકાર ભારતને નશા મુક્ત દેશ બનાવવા માટે પ્રતિબદ્ધ છે. તેમણે કહ્યું કે પશ્ચિમ એશિયાઈ દેશોમાં જતી માદક પદાર્થની જપ્તી અને વિદેશી નાગરિકની ધરપકડ આ દિશામાં ભારતની કડક નીતિને પ્રતિબિંબિત કરે છે. શ્રી શાહે કહ્યું કે સરકાર ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશતા અને બહાર જતા માદક પદાર્થના પ્રતિ ગ્રામ જથ્થા પર પણ કડક કાર્યવાહી કરશે. તેમણે નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોના સ્ટાફને પણ અભિનંદન આપ્યા.

સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર, કેપ્ટાગોન એ ફેનેથિલિનનું સામાન્ય નામ છે, જે મૂળ રીતે 1960ના દાયકામાં ધ્યાન વિકૃતિઓ અને નાર્કોલેપ્સીની તબીબી સારવાર માટે વિકસાવવામાં આવ્યું હતું. તેના વ્યસનકારક સ્વભાવ અને દુરુપયોગની સંભાવનાને કારણે, મૂળ ફોર્મ્યુલેશનને આખરે આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રતિબંધિત કરવામાં આવ્યું હતું.

# SENA SAVAND

ભારતીય સેનાના વડા ઉપેન્દ્ર દ્વિવેદીએ આતંકવાદીઓને આશ્રય આપવા અને ભારત વિરુદ્ધ પ્રવૃત્તિઓ બંધ કરવા પાકિસ્તાનને કડક ચેતવણી આપી છે. નવી દિલ્હીમાં સેના સંવાદને સંબોધતા શ્રી દ્વિવેદીએ કહ્યું કે જો પાકિસ્તાન ભારત વિરુદ્ધ આતંકવાદી પ્રવૃત્તિઓ ચાલુ રાખે છે, તો તેણે પોતે જ નક્કી કરવું પડશે કે તે ભારતના ભૂગોળ અને ઇતિહાસનો ભાગ રહેવા માંગે છે કે નહીં. ભારતીય સેનાના વડાની આ ટિપ્પણી આતંકવાદ સામે ભારતની કડક નીતિને પ્રતિબિંબિત કરે છે.

**BYTE : UPENDRA DWIVEDI**

# EDUCATION MINISTRY MEETING

શિક્ષણ મંત્રાલયે દેશમાં ચૌદ થી અઢાર વર્ષની વયના બાળકોમાં, શાળા છોડી દેનારાઓની વધતી સંખ્યા અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે.

શાળા શિક્ષણ અને સાક્ષરતા સચિવ સંજય કુમારની અધ્યક્ષતામાં એક ઉચ્ચ સ્તરીય બેઠકમાં આ મુદ્દા પર ચર્ચા કરવામાં આવી હતી અને નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઓપન સ્કૂલિંગ (NIOS) દ્વારા પ્રસ્તાવિત નવી પહેલના અમલીકરણ વ્યૂહરચનાની સમીક્ષા કરવામાં આવી હતી.

બેઠક દરમિયાન, શ્રી કુમારે જણાવ્યું કે ઉપલબ્ધ માહિતી અનુસાર, ધોરણ 1 માં નોંધાયેલા દર સો બાળકોમાંથી ફક્ત બાસઠ બાળકો ધોરણ 12 સુધી પહોંચે છે. તેમણે ધ્યાન દોર્યું હતું કે ચૌદ થી અઢાર વય જૂથના બે કરોડથી વધુ બાળકો હાલમાં શાળાની બહાર છે.

શિક્ષણ સચિવે જણાવ્યું કે આર્થિક મુશ્કેલીઓ, ઘરેલું જવાબદારીઓ અને આજીવિકાના પડકારો બાળકો શિક્ષણ પ્રણાલીમાંથી બહાર નીકળી જાય છે તેના મુખ્ય કારણોમાં શામેલ છે. તેમણે ભાર મૂક્યો હતો કે દરેક બાળકને ઓછામાં ઓછા માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક સ્તર સુધી શિક્ષણ મળવું જોઈએ, સાથે સાથે સ્થાનિક આર્થિક તકો સાથે જોડાયેલા રોજગાર યોગ્ય કૌશલ્યો પણ મળવા જોઈએ.

# ASIAN WEIGHTLIFTING

ગાંધીનગરમાં યોજાયેલી એશિયન વેઇટલિફ્ટિંગ ચેમ્પિયનશિપમાં, ભારતના સંજનાએ મહિલાઓની 77 કિલો શ્રેણીમાં ત્રણ કાંસ્ય ચંદ્રક જીત્યા છે. સંજનાએ સ્નેચમાં 96 કિલો, ક્લીન એન્ડ જર્કમાં 124 કિલો અને કુલ 220 કિલો વજન ઉપાડીને આ સિદ્ધિ મેળવી.

# EVE THAILAND OPEN BADMINTON

થાઈલેન્ડ ઓપન બેડમિન્ટનમાં, સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની ભારતીય જોડી ફાઇનલમાં પહોંચી. આ જોડીએ બેંગકોકમાં સેમિફાઇનલમાં મલેશિયાના ગોહ સે ફેઈ અને નૂર ઈઝ્ઝુદ્દીનને 19-21, 22-20, 21-16 થી હરાવીને પુરુષ ડબલ્સની ફાઇનલમાં સ્થાન મેળવ્યું. હવે ફાઇનલમાં આવતીકાલે તેમનો સામનો લીઓ રોલી કાર્નાન્ડો અને ડેનિયલ માર્થિનની ઇન્ડોનેશિયન જોડી સામે થશે.